## પ્રજાના પૈસા પાણીમાં...!!

# હિંમતનગર નગરપાલિકાના સ્વભંડોળમાંથી ડામર રોડ ઉપર પેવર બ્લોક નાખવામાં આવ્યા

**સ્થાનિક રહીશોની વર્ષો જૂની આરસીસી રોડ બનાવવાની માગણીની અવગણના કરી બિલ્ડરો અને હોસ્પિટલના વગદાર લોકોની રજૂઆતને પગલે તાત્કાલિક ધોરણે રોડની કામગીરી શરૂ કરાઈ : જિલ્લા કલેકટરના જાહેરનામાનો ભંગ કરી આ માર્ગ ઉપરથી ભારે વાહનોની સતત અવર જવર રહે છે**

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૧૪ હિંમતનગર સહિત સાબરકાંઠા જિલ્લામાં રાજ્ય સરકાર દ્વારા મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનાઓ સહિત વિવિધ યોજનાઓ હેઠળ શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં માર્ગોના નવીનીકરણની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે ત્યારે કેટલાક કોન્ટ્રાક્ટરો અને સરકારી કર્મચારીઓની મિલીભગતને કારણે નવીન માર્ગોની કામગીરીમાં હલકી ગુણવત્તાવાળા મટિરિયલ્સ વાપરીને માર્ગોના કામમાં વેઠ ઉતારી હોય તેવા અનેક કિસ્સાઓ સોશિયલ મીડિયામાં વાઈરલ થવાની સાથે અખબારોમાં પ્રસિદ્ધ થઈ ચુક્યા છે તાજેતરમાં થોડાક સમય અગાઉ હિંમતનગર શહેરમાં માર્ગના નવીનીકરણ મુદે જિલ્લા પંચાયતના પ્રમુખ દ્વારા રોડની કામગીરી હલકી અને નબળી કક્ષાની હોવાની વાત કરી કામને અટકાવી દેવામાં આવી હોવાનું પણ સામે આવ્યું હતું ત્યારે હવે હિંમતનગર નગરપાલિકામાં સમાવિષ્ટ વોર્ડ નં-૬ ના મોતીપુરા વિસ્તારમાં આવિષ્કાર હોસ્પિટલ થી બહેરા મૂંગા શાળા તરફ જતા બાયપાસ હાઈવે ને જોડતા માર્ગ ઉપર આરસીસી રોડ બનાવવાની સ્થાનિક રહીશોની ઢગલાબંધ અનેક વખત રજુઆત કર્યા બાદ પણ પેવર બ્લોક નાખવામાં આવતા રોડના આયુષ્ય અંગે લોકોમાં અનેક પ્રકારના તર્ક-વિતર્ક જોવા મળી રહ્યા છે

હિંમતનગર નગર પાલિકામાં સમાવિષ્ટ વોર્ડ નં-૬ ના મોતીપુરા વિસ્તારમાં આવેલા આવિષ્કાર હોસ્પિટલ થી બહેરા મૂંગા શાળા તરફ જતા ઈડર - હિંમતનગર બાઈપાસ હાઈવેને જોડતા રોડ ઉપર નગરપાલિકા તંત્ર દ્વારા આરસીસી રોડ બનાવવામાં આવે એવી વર્ષો જૂની સ્થાનિક રહીશોની માગણીને અવગણના કરી વગદાર લોકોના ખોળામાં બેઠેલી નગરપાલિકા તંત્ર દ્વારા નવીન બની રહેલ કોમ્પલેક્ષના બિલ્ડરો તથા હોસ્પિટલ ના વગદાર લોકોની રજૂઆતને પગલે નગરપાલિકા તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે ભારે વાહનોની અવરજવરથી સતત ધમધમતા એવા માર્ગ ઉપર હિંમતનગર નગરપાલિકાના બાંધકામ વિભાગ દ્વારા સ્વભંડોળમાંથી આશરે દોઢ લાખના ખર્ચેવપેવર બ્લોક પથ્થર નાખીને રોડની કામગીરી શરૂ કરવામાં આવતા સ્થાનિક રહીશોમાં આશ્ચર્યની સાથે રોષની લાગણી પ્રવર્તી હોય એવો માહોલ ઊભો થવા પામ્યો છે.

ઉલ્લેખનીય છે કે, હિંમતનગર નગરપાલિકાના બાંધકામ વિભાગ દ્વારા સ્વભંડોળમાંથી આશરે ૨.૨૫ (સવા બે લાખ) લાખ ખર્ચે આવિષ્કાર હોસ્પિટલ થી બહેરા મૂંગા શાળા તરફ જતા બાયપાસ હાઈવે ને જોડતા બિસ્માર અને ખખડધજ ડામર માર્ગ ઉપર ૮૦ એમ એમ નાં પેવર બ્લોક નાખી કામગીરી શરૂ કરવામાં આવી છે ત્યારે આ માર્ગ ઉપર જિલ્લા કલેકટરના જાહેરનામાનો ભંગ કરીને માલવાહક ભારે વાહનોની અવરજવર હોવાથી આ માર્ગ નું આયુષ્ય કેટલું રહેશે તે અંગે અનેક પ્રકારના તર્ક-વિતર્ક લોકમુખે ચર્ચાઈ રહ્યા છે.

### નગરપાલિકાના મહિલા પ્રમુખ શું કહે છે?

આવિષ્કાર હોસ્પિટલ થી બહેરા મૂંગા શાળા તરફ જતા ઈડર - હિંમતનગર બાઈપાસ હાઈવેને જોડતા માંડ માંડ અડધો કિલો મીટરના ડામર રોડ ઉપર સ્થાનિક રહીશોની વર્ષો જૂની આરસીસી રોડ બનાવવાની માગણીની અવગણના કરી પેવર બ્લોક નાખવામાં આવતા આ અંગે નગરપાલિકાના મહિલા પ્રમુખ યતીનબેન મોદી સાથે ટેલિફોનિક વાતચીત દરમિયાન તેમણે જણાવ્યું હતું કે , આરસીસી રોડ બનાવવા માટેની રજૂઆત મળેલ છે પરંતુ આરસીસી રોડ બનાવવા માટે આ રોડ ઓછામાં ઓછા ૧૫ દિવસ બંધ રાખવો પડે તેમ છે અને હોસ્પિટલના કારણે રોડ બંધ રાખી શકાય તેમ નથી તેમજ પેવર બ્લોક નાખવાનું કારણ એ છે કે ભવિષ્યમાં કંઈપણ ખોદકામ કામગીરી કરવી હોય તો ફરીથી લોક નાખી શકાય તેમજ પેટ્રોલ પંપ ઉપર ઉપયોગમાં લેવાતા જેવી મજબૂત પેવર બ્લોક નાખવામાં આવે છે જેથી કોઈ સમસ્યા નળશે નહીં



### વિરોધ પક્ષના નેતા શું કહે છે ?

ઉપરોક્ત મામલે વિરોધ પક્ષના નેતા ઈમરાન બાદશાહ જણાવ્યું હતું કે , આવિષ્કાર હોસ્પિટલ ની બહાર નો મુખ્ય રસ્તો આરસીસી નો બનાવવામાં આવે તેવી ત્યાં ના સ્થાનિક રહેવાસીઓની વર્ષો જૂની માંગણી હતી . તેની જગ્યાએ પેવર બ્લોક રોડ ની કામગીરી ચાલી રહેલ છે. જાહેર હિત ને ધ્યાન રાખી આરસીસી રોડ બનાવવો જોઈતો હતો જેથી લાંબા સમય સુધી તેનો ફાયદો ત્યાં ના રહીશો ને મળી રહેતો ... અને વારંવાર ત્યાં વરસાદી પાણી ભરવવાના લીધે રોડ તૂટી જવાની સમસ્યા નો કાયમી નિકાલ થાય એવી અમારી રજુઆત છે.

### હોસ્પિટલના સત્તાધીશો દ્વારા રજુઆત કરવામાં આવતા પ્રમુખની સૂચનાને પગલે કામગીરી શરૂ કરાઈ

હિંમતનગર નગરપાલિકાના એન્જિનિયરિંગ પ્રિયાંક શાહ સાથે થયેલી ટેલિફોનિક વાતચીત દરમિયાન જણાવ્યું હતું કે માર્ગની બિલકુલ નજીક આવેલ આવિષ્કાર હોસ્પિટલ ના સત્તાધીશો દ્વારા રજૂઆત કરવામાં આવતાં પ્રમુખની સૂચનાને આધારે ડામર રોડ ઉપર આરસીસી રોડને બદલે પેટ્રોલ પંપ ઉપર ઉપયોગમાં લેવામાં આવતા ૮૦ એમ એમ નાં પેવર બ્લોક નાખવામાં આવ્યા છે વધુમાં આ રોડ ઉપર પાણીનો ધોધ વધુ હોવાથી ભવિષ્યની કામગીરીને ધ્યાને લઈ પેવર બ્લોક નાખવામાં આવ્યા છે

## અરવલ્લી જીલ્લા પંચાયત,પુર્વ પ્રમુખે મુખ્યમંત્રીને લેખિતમાં પત્ર પાઠવ્યો

ભિલોડા,તા.૧૪

ગુજરાત રાજ્ય સરકારએ વિધાનસભામાં આદિજાતિના ખોટા પ્રમાણપત્રો બાબતે બીલ લાવી કાયદો બનાવ્યો,આદિજાતિના ખોટા પ્રમાણપત્રો બિન આદિવાસી સમાજના લોકોએ લીધા છે.ખોટા પ્રમાણપત્રો સત્વરે રદ કરવા માટે અરવલ્લી જીલ્લા પંચાયત,પુર્વ પ્રમુખ રાજેન્દ્ર પારઘીએ ગુજરાત રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને લેખિતમાં પત્ર પાઠવ્યો હતો.ગણપતભાઈ વસાવા,આદિજાતિ વિકાસ કલ્યાણ વિભાગના મંત્રીને નકલ રવાના કરાઈ છે.

આદિજાતિના ખોટા પ્રમાણપત્રો રદ કરવા માટે સીનીયર નિવૃત્ત જજના નેતૃત્વમાં ઉચ્ચ સ્તરીય તપાસ સમિતીની રચના કરાઈ હતી.સમિતીએ ખોટા પ્રમાણપત્રોની ચકાસણી કરવાનો ભગીરથ પ્રયાસ કર્યો હતો પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે તપાસ દરમ્યાન ખુબ જ વિલંબ થઈ રહ્યો છે.આદિવાસી સમાજના વિવિધ સંગઠનોનું માનવું છે કે ન્યાયિક રીતે તપાસ ઝડપી થાય તેમજ ખોટા આદિજાતિના પ્રમાણપત્રો જે કોઈ વ્યક્તિએ મેળવ્યા છે તેવા આર.બી.સી. સમાજના લોકોના પ્રમાણપત્રો તાત્કાલીક ધોરણે રદ કરવામાં આવે તેમ લેખિત પત્રમાં જણાવ્યું હતું. અહેવાલ તાત્કાલીક ધોરણે ભારત સરકારમાં મોકલવામાં આવે તેવી સમગ્ર આદિવાસી સમાજના જાગૃત લોકોની લાગણી અને માંગણી છે.

## તલોદના વલીયમપુરમાં વીજળીનું બાકી બીલ ઉઘરાવવા ગયેલા કર્મચારી ઉપર હુમલો

**રસીદબુક ફાડી નાખી, શર્ટનાં બટન તૂટ્યાં, પોલીસે ગુનો નોંધી તપાસ આરંભી**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૪

તલોદના વલીયમપુરમાં વીજળીનું બાકી બીલ ઉઘરાવવા ગયેલા વિજ કર્મચારીઓ ઉપર તરૂણ રમણલાલ પટેલે હુમલો કરી શર્ટનાં બટન તોડી નાખવાની સાથે રસીદબુક ફાડી નાખતાં મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો છે. નાયબ ઈજનેર અજીતસિંહ એન. બિહાલોની ફરિયાદના આધારે તલોદ પોલીસે આરોપી વિરૂદ્ધ હુમલો, મારી નાખવાની ધમકી તેમજ યુ.જી.વી.સી.એલ. કર્મચારી ઓફ પબ્લિક પ્રોપર્ટી એક્ટ-૩ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

વિજ કર્મચારીઓ ઉપર ફરી એકવાર હુમલાનો બનાવ સામે આવ્યો છે. તલોદ પોલીસના જણાવ્યા અનુસાર યુ.જી.વી.સી.એલ. તલોદ વિભાગ-૧ ના ટેકનિકલ કર્મચારી સંજય મણીલાલ કડીયા તથા અન્યો રસીદ બુક સાથે વિજ બીલના નાણા રીકવરીના કાર્યક્રમ માટે તા.૧૩ના રોજ વલીયમપુર ગામે ગયા હતા જે સમય દરમ્યાન તરૂણ રમણલાલ પટેલ નામના ગ્રાહકે તેમનું બાકી નિકળતું લ્હેણું રૂ.૫૩૭૩ લેવા માટે ગયા હતા. જેથી ગ્રાહકે યુ.જી.વી.સી.એલ.ના કર્મચારી લક્ષ્મણસિંહ સોલંકીને જાનથી મારી નાખવાની ધમકી આપી સરકારી રસીદ બુક ફાડી નાખી હતી તેમજ ટેકનિકલ કર્મચારી સંજયકુમાર કડીયાના શર્ટનાં બટન તોડી નાખી, અપશબ્દો બોલી, જાનથી મારી નાખવાની ધમકી આપતાં કર્મચારીઓ ભયભીત બની ગયા હતા. આ મામલો પોલીસ મથકે પહોંચતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## અરવલ્લી જીલ્લાના લોકોના પ્રશ્નોના નિકાલનો કાર્યક્રમ ૨૯ જુલાઈના રોજ કલેક્ટર કચેરી ખાતે યોજાશે

બાયડ તા.૧૪

અરવલ્લી જીલ્લામાં નાગરિકોના પ્રશ્નોનુ સમયસર નિરાકરણ આવે તેમજ રાજ્ય સરકારની યોજનાઓનો લાભ પ્રજાને સતત મળતો રહે તેથી વહીવટમાં કાર્યક્ષમતા, પારદર્શકતા, સંવેદનશીલતા અને જવાબદારીપણાંની બાબતને રાજ્ય સરકાર દ્વારા હાર્દ સમાન ગણવામાં આવેલ છે, અને આ બાબતને કેન્દ્રસ્થાને રાખીને પ્રજાના પ્રશ્નો અને રજૂઆતોનો જિલ્લા કક્ષાએ સંબંધિત અધિકારીશ્રીઓ સાથે બેઠક કરી તેઓ પાસેથી તેનો સમયમર્યાદામાં નિકાલ કરાવવાં લોકોના પ્રશ્નોના નિકાલ માટેનો કાર્યક્રમ યોજવાનું નિર્ધારીત કરવામાં આવેલ છે. આગામી દિવસોમાં અરવલ્લી જિલ્લામાં આ કાર્યક્રમનુ આયોજન થનાર છે.

જે અંતર્ગત લોકોના પ્રશ્નોના નિકાલનો કાર્યક્રમ તા.૨૯ જુલાઈ ૨૦૨૧ ના રોજ બપોરે ૧૫:૦૦ કલાકે જિલ્લાની કલેક્ટર કચેરી ખાતે યોજાશે. અરવલ્લી જિલ્લાના પ્રભારીમંત્રી સદર કાર્યક્રમનું અધ્યક્ષપદ શોભાવશે. તમામ તાલુકા મામલતદારશ્રીઓ આ કાર્યક્રમના નોડલ અધિકારી રહેશે. નાગરિકો તેમના પ્રશ્નો/ રજૂઆતો તા.૧૭ જુલાઈ ૨૦૨૧ સુધીમાં કચેરી સમય દરમિયાન સંબંધિત મામલતદારશ્રીને મોકલી શકશે. ઉપર જણાવેલ સમયમર્યાદામાં પ્રાપ્ત થયેલ પ્રશ્નોને મામલતદારશ્રી સંબંધિત વિભાગ/કચેરીને મોકલી આપશે. સંબંધિત વિભાગ/ કચેરીઓએ રજૂ થયેલ પ્રશ્નોનો નિયમોનુસાર ઉકેલ લાવી તેમજ અરજદારશ્રીને તેમની કક્ષાએથી યોગ્ય પ્રત્યુત્તર પાઠવી થયેલ કાર્યવાહીની વિગતો સંબંધિત મામલતદારને મોડામાં મોડા તા.૨૩ જુલાઈ ૨૦૨૧ સુધીમાં મોકલી આપવાના રહેશે. સંબંધિત મામલતદારશ્રીએ પ્રશ્નો/ રજૂઆત સંદર્ભે થયેલ કાર્યવાહીની વિગતો સંકલિત કરી કાર્યક્રમના દિવસે માન.પ્રભારી મંત્રીશ્રી સમક્ષ સબંધિત અધિકારીશ્રીઓને સાથે રાખી ચર્ચામાં ઉપસ્થિત રહેવાનું રહેશે.

જેમાં પ્રાંત અધિકારીશ્રીઓએ પોતાના પ્રાંતના રજૂ થયેલ તમામ પ્રશ્નો અને તેના અનુસંધાને થયેલ કાર્યવાહી અને અરજદારશ્રીને અપાતા પ્રત્યુત્તરનું સઘન નિરિક્ષણ કરવાનું રહેશે તથા લોકોના પ્રશ્નોના નિકાલના કાર્યક્રમ પહેલાં પોતાના પ્રાંતના પ્રશ્નો અને થયેલ કાર્યવાહીની વિગતો સંકલિત કરી માન. કલેકટરશ્રીને રૂબરૂમાં ફાઈલ રજૂ કરવાની રહેશે. તેમજ પોતાના પ્રાંતમાં આ કાર્યક્રમનું સુચારૂ આયોજન થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે. એમ એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## સ્વચ્છતાને પ્રાધાન્ય : બાયડમાં ૩૧ જુલાઈ સુધી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ માસિક ડ્રાઈવ

**બસ સ્ટેશન, બગીચા, નદી-તળાવ અને પ્રવાસન વિસ્તારની સફાઈ હાથ ધરાઈ**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૪

બાયડ પાલિકા દ્વારા સ્વચ્છતાને પ્રાધાન્ય અપાતાં પ્રજામાં ખુશાલી જોવા મળી રહી છે. તા.૩૧ જુલાઈ સુધી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ માસિક ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે. જેમાં બાયડ પાલિકાના તમામ જાહેર વિસ્તારોને આવરી લેવામાં આવ્યા છે જે અન્વયે બાયડ બસ સ્ટેશન વિસ્તાર, ગાયત્રી મંદિર તેમજ જાગા તળાવની સફાઈ હાથ ધરી ૫ ટ્રેક્ટરથી વધુ કચરાનો નિકાલ કરવામાં આવ્યો છે. તા.૩૧ જુલાઈ સુધી સ્વચ્છતા અભિયાન વિવિધ વિસ્તારોમાં જારી રહેશે.



નગર સ્વચ્છ તો પ્રજાનું આરોગ્ય તંદુરસ્ત. રાજ્યના અનેક વિસ્તારોમાં ગંદકીના ઉપદ્રવથી પ્રજા અને વેપારીઓ ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. બાયડ પાલિકા વિસ્તારમાં વેપારીઓ, લારી-ગલ્લા અને પાથરણાવાળાના યોગ્ય સંકલનના કારણે વિકાસ પથ હવે ખુલ્લો થયો છે. નાના ધંધાર્થીઓ પણ સ્વચ્છતાના આગ્રહી બની ધંધાના સ્થળે નિકળતો કચરો પ્લાસ્ટીકની બેગમાં મૂકી પાલિકાને સહયોગ આપી રહ્યા છે. બાયડ પાલિકાના સફાઈ કર્મચારીઓ દ્વારા મળેલી સૂચના મુજબ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ માસિક ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે. સમગ્ર જુલાઈ મહિના દરમ્યાન વિવિધ વિસ્તારોને આવરી લઈ સ્વચ્છતા અભિયાનને સફળ બનાવવાનો પ્રયાસ થશે. અભિયાન હેઠળ સફાઈ કર્મચારીઓ જે તે વિસ્તારમાં જઈ સૂકો-ભીનો, સેનેટરી વેસ્ટ, ઘરેલું જોખમી કચરાના વર્ગીકરણની માહિતી આપશે તેમજ ખુલ્લામાં કચરો ન નાખવાની અપીલ કરવાની સાથે પાલિકાના કર્મચારીઓ વાહન લઈને કચરો ઉઘરાવવા આવે ત્યારે યોગ્ય રીતે કચરો નાખવા પણ અનુરોધ કરી રહ્યા છે. બાયડ પાલિકાના સફાઈ કર્મચારીઓની કામગીરીને પ્રજાજનો બિરદાવી રહ્યા છે. બાયડના જાગા તળાવના બ્યુટીફીકેશનની વાતો છેલ્લા ૧૦ વર્ષથી હવામાં ફંગોળાઈ રહી છે બ્યુટીફીકેશન તો ઠીક પરંતુ અહીંયાં દુર્ગંધ મારતા કચરાનો ઢગ ખડકાયો હતો જેને બાયડ પાલિકાના સફાઈ કર્મચારીઓએ જાગા તળાવને સ્વચ્છ બનાવવાનો પ્રયાસ કરતાં સ્થાનિક વેપારીઓએ તેની નોંધ લીધી હતી.

### નદી, તળાવ, પ્રવાસન સહિત રેસીડેન્સ વિસ્તારમાં પણ સફાઈ અભિયાન

બાયડ : તમામ પાલિકા વિસ્તારોને ડ્રાઈવ દરમ્યાન આઈ.ઈ.સી. પ્રવૃત્તિ હાથ ધરવાની સૂચના આપવામાં આવી છે જે મુજબ ૩૧ જુલાઈ સુધી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ માસિક ડ્રાઈવ અંતર્ગત માસિક ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં બાયડના નદી, તળાવ, પ્રવાસન વિસ્તાર ઉપરાંત હોસ્પિટલ, બગીચા, શૌચાલય સહિતની સાફસફાઈ ઝૂંબેશ હાથ ધરાશે જેમાં શહેરના સ્થાનિક એન.જી.ઓ. પણ સહકાર આપી શકે છે તે પ્રકારની સૂચનાઓ આપવામાં આવી છે.

## અરવલ્લીમાં જીલ્લામાં ‘રક્ષાબંધન’ વિષય પર ૧૭ સપ્ટેમ્બરના રોજ ચિત્રસ્પર્ધા

**રાજ્યકક્ષાની ચિત્રસ્પર્ધાનુ આયોજન ૨૪ સપ્ટેમ્બરના રોજ અમદાવાદ ખાતે કરાશે : ૦૮ થી ૧૩ વર્ષના બાળકો ભાગ લઈ શકશે**

બાયડ. તા.૧૪

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર હસ્તકની ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી આયોજીત જિલ્લા રમતગમત કચેરી,અરવલ્લી સંચાલિત “રક્ષાબંધન” વિષય પર ચિત્ર સ્પર્ધા યોજાનાર છે. હાલ કોવિડ-૧૯ મહામારીને ધ્યાને લેતા સોશિયલ ડિસ્ટન્સિંગને ધ્યાને લેતા ઉક્ત સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોએ છ૪ સાઈઝના (૮.૩”x ૧૧.૭”) ડ્રોઈંગ પેપર પર પોતાની કૃતિ પોતાના ઘરે તૈયાર કરી તેને માઉન્ટીંગ કરાવ્યા બાદ જિલ્લા રમતગમત કચેરી ખાતે તા. ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૧ સુધી બપોરે ૧૨:૦૦ કલાક સુધીમાં મોકલી આપવાના રહેશે.

આપની કૃતિ પાછળ સ્પર્ધકે પોતાનું નામ, સરનામું, મોબાઈલ નંબર, શાળાનું નામ વગેરે જેવી બાબતોનો ઉલ્લેખ કરવાનો રહેશે તેમજ આ કૃતિની સાથે સ્પર્ધકે ઉંમરના પુરાવા તરીકે (આધારકાર્ડ/જન્મ તારીખનો દાખલો)ની ઝેરોક્ષ અને બેંક ખાતાની પ્રથમ પાનાની ઝેરોક્ષ અચૂક જોડવાની રહેશે. આ સ્પર્ધામાં ૦૮ થી ૧૩(૩૧ ડિસેમ્બર ૨૦૦૮ થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૧ સુધીના વચગાળાના બાળકો) વર્ષના બાળકો ભાગ લઈ શકશે. આ સ્પર્ધામાંથી ત્રણ ચિત્રની જિલ્લાકક્ષાએ પસંદગી થયા બાદ રાજ્યકક્ષાએ ચિત્રો મોકલવામાં આવશે.

રાજ્યકક્ષાની ચિત્ર સ્પર્ધા તા.૨૪ સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી,રવિશંકર રાવલ કલાભવન,એલિસબ્રિજ, અમદાવાદ ખાતે આયોજન કરવામાં આવશે. આ સ્પર્ધાનો સમય ૧૧ થી ૫ કલાક સુધીનો રહેશે. જેમા સમગ્ર રાજ્યમાંથી આવેલા ચિત્રો પૈકી બેસ્ટ ૩૦ ચિત્રોના સ્પર્ધકોને રાજ્યકક્ષાની સ્પર્ધામાં સ્થળ પર ચિત્ર બનાવવાના રહેશે. જે પૈકી ૧૦ વિજેતા પસંદગી કરવામાં આવશે.

રાજ્યકક્ષાની ચિત્ર સ્પર્ધામાંથી ૧૦ વિજેતા કલાકારોની પસંદગી થશે. તેઓ પૈકી પ્રથમ વિજેતાને રૂ.૨૫,૦૦૦/- દ્વિતીય વિજેતાને રૂ.૧૫,૦૦૦/- અને તૃતીય વિજેતાને રૂ?.૧૦,૦૦૦/ એમ ત્રણ ઈનામો અને બાકીના અન્ય સાત વિજેતાઓને રૂ.૫,૦૦૦/- (પ્રત્યેક) મુજબ આશ્વાસન ઈનામો આપવામાં આવશે. તમામ વિજેતાઓને ચિત્રકામ કીટ (ડ્રોઈંગ કીટ) આપવામાં આવશે.

જિલ્લાકક્ષા સ્પર્ધા માં કોઈ વ્યક્તિની મદદ વિના ચિત્ર દોરી તા.૧૩ સપ્ટેમ્બર ૨૦૨૧ સુધી બપોરે ૧૨:૦૦ કલાક સુધીમાં જિલ્લા રમતગમત અધિકારીની કચેરી,બ્લોક નં.એ.એસ.૧૪ બીજો માળ, જિલ્લા સેવા સદન, શામળાજી રોડ, મોડાસા. અરવલ્લી ખાતે જિલ્લા રમતગમત અધિકારીને પહોંચતી કરવાની રહેશે. સ્પર્ધા અંગેના તમામ નિયમો કચેરીના બ્લોગ એડ્રેસ પરથી અને કચેરી પરથી મેળવી શકાશે. તેમ જિલ્લા રમત ગમત અધિકારીની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

## પ્રાંતિજ નગરપાલિકા દ્વારા એપ્રોચ રોડ પર આવેલ લારી-ગલ્લાઓ હટાવાયા

પ્રાંતિજ તા.૧૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના હાર્દ સમાન એપ્રોચરોડ રોડ ઉપર આવેલ ફુટપાથ ઉપરથી નગરપાલિકા દ્વારા લારી-ગલ્લાઓ હટાવવામાં આવ્યા. પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ આર એન્ડ બી વિભાગ દ્વારા બનાવવામા આવેલ ફુટફાટ ઉપર આડેધડ લારી-ગલ્લાઓ



મુકી દેતા પાછળ આવેલ શોપીંગ માલિકો દ્વારા તથા રોજીંદુ અવરજવર કરતા લોકો દ્વારા પ્રાંતિજ પાલિકા મા ફુટપાથ ઉપર દબાણને લઈ ને અરજીઓ કરવામા આવતા પ્રાંતિજ નગરપાલિકાના પ્રમુખ દિપકભાઈ કડીયા, આરોગ્ય સમિતિ ચેરમેન દિલીપભાઈ રાવળ તથા નગરપાલિકા ના એસાઈ સંજય ભાઈ ચૌધરી સહિત નગરપાલિકા નો સ્ટાફ એપ્રોચરોડ આવી ફુટપાથ ઉપર ભેલા લારી-ગલ્લાઓ તથા બોર્ડ સહિત હટાવવામા આવ્યા હતા અને પાલિકા દ્વારા ફુટપાથ ખુલ્લો કરી સફાઈ કરવામા આવતા ફુટપાથ પાછળ આવેલ દુકાન માલિકો સહિત નગરજનોમા ખુશી જોવા મળી હતી.

## જન્મદિને વધામણી



જાનવી વિજયભાઈ પ્રજાપતિ (અયોધ્યાનગર) બાયડ, જિ.અરવલ્લી



નિમિષા શૈલેષકુમાર ભાટીયા (ઉપપ્રમુખ : જાયન્ટ્સ ગૃપ બાયડ સાહેલી) (છપૈયાધામ ફ્લેટ) બાયડ, જિ.અરવલ્લી



કર્મવીર સતિષભાઈ પટેલ (૨, સ્વામિનારાયણ સોસાયટી) બાયડ (ડેમાઈ)



દિનેશભાઈ સુથાર (પૂર્વ મેનેજર : પ્રાઈમ બેન્ક, બાયડ) બાયડ, જિ.અરવલ્લી)



સમીર એન. મલેક (આચાર્ય : નવયુગ વિદ્યાલય-બાયડ) બાયડ, જિ.અરવલ્લી



રોહીત પવાર (હોકી કોચ : ડીવાઈન ચાઈલ્ડ ઈન્ટરનેશનલ સ્કુલ) મહેસાણા



વિનુભાઈ એમ. પટેલ (સુપરવાઈઝર : બાયડ હાઈસ્કુલ) બાયડ, જિ.અરવલ્લી



ધ્યેય સુનિલભાઈ પટેલ (સિવાલિક ગ્રીન્સ) બાયડ, જિ.અરવલ્લી